બાયડમાં ફેસબુક પર બોગસ એકાઉન્ટ બનાવી યુવતીને બદનામ કરવાનું કાવતરું

બોગસ એકાઉન્ટ બનાવનારની એલસીબી દ્વારા કરાઈ અટકાયત

આજના યુગમાં સોશીયલ મિડીયા ઉપયોગ એટલો વધુ થઈ ગયો છે કે આજની યુવા પેઢી ફેસબુક તેમજ વોટસએપ થી દેશ દુનિયા જોડે જોડાયેલી છે

ત્યારે અરવલ્લી જીલ્લાનાં બાયડમાં એક યુવતીનું બોગસ ફેસબુક એકાઉન્ટ બનાવી ફેસબુક નાં ડીપીમાં તે યુવતીનો ફોટો મુકીને તે યુવતીની બદનામી કરવા માટેનું કાવતરૂમાં બાયડ ની એક સોસાયટીમાં રહેતાં બાહ્મણ પરીવારનો નાબાલીક આરોપીએ કર્યું હતું બાયડ માં એક યુવતીનાં ઓરીજનલ ફેસબુક એકાઉન્ટમાંથી યુવતીનો ફોટો નાબાલીક આરોપી પોતાના મોબાઈલ માં સેવ કરીને યુવતીનાં નામ આગળ બિભત્સ શબ્દો લખી તે યુવતીનો ફોટો મુકીને બોગસ એકાઉન્ટ બનાવેલ અને ફેસબુક પર દરેકને રીકવેસ્ટ મોકલી ને મેસેન્જર ધ્વારા યુવતીનો મોબાઈલ નંબર આપતો હતો અને જેને જેને મોબાઈલ નંબર મોક્યા હતાં તેવો દરેક વ્યક્તિ યુવતીનાં મોબાઈલ પર તેમજ વોટ્સએપ મેસેજ ફોન કરીને હેરાન કરતાં હતાં તેનાથી યુવતીને ઘરની બહાર નીકળતાં ગભરાટ થઈ હતી નાબાળીક આરોપી ની પાછળ અન્ય સગીરવયનાં પંકાયેલાં કેટલાંક લોકો હોવાનું લોકવતુંણમાં ચર્ચાઈ રહ્યું છે નાબાળીક આરોપીને એલસીબીએ તાઃ- ૧૮/૭/૨૦૧૭નાં મંગળવારે સાંજે પ.૩૦વાગ્યે મોડાસા એલસીબી કચેરી લઈ ગયા હતાં ત્યાં પૂછપરછ કરીને મોડી રાત્રે બાયડ પોલીસ સ્ટેશન આવવામાં આવ્યો હતો બાયડ પીએસઆઈ અશોકભાઈ પટેલ ધ્વારા આ મામલે વધુ માં વધુ તપાસ હાથ ધરી છે શું યુવતીનાં પરીવારને ન્યાય મળશે કે નહી તે ઉપર મીટ મંડાઈ છે.

આજે ઉવારસદ ખાતે વિના મૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પ

જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા વિના મૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન તા. ૨૧મી જુલાઈ, ૨૦૧૭ના રોજ બપોરના ૨.૦૦ થી ૫.૩૦ કલાક દરમ્યાન ઉવારસદ ગામના રામજી મંદિર ખાતે કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં તમામ રોગોનું આયુર્વેદ પધ્ધતિથી નિદાન કરી સારવાર તેમજ જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત દર્દીનું પ્રકૃતિ પરિક્ષણ કરી પ્રકૃતિ મુજબ પથ્યાપથ્યનું માર્ગદર્શન આપવામાં આવશે. તેમજ વૃધ્ધો માટે વિશેષ ચિકિત્સાનું આયોજન કરવામાં આવશે. આ કેમ્પનો લાભ ઉવારસદ ગામના ગ્રામજનો સહિત આસપાસના વિસ્તારના રહીશોને લેવા જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રીમતી ભાવનાબેન પટેલે જણાવ્યું છે.

લોહાણા યુવા સંગઠનના પ્રમુખપદે નિલેશ પુજારા

ગાંધીનગરના જાણીતી સામાજીક સંસ્થા લોહાણા યુવા સંગઠન - ગાંધીનગરના વર્ષ ૨૦૧૭-૧૮ માટેના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. આમાં સર્વાનુમતે પ્રમુખ તરીકે શ્રી નિલેશ પુજારા, ઉપપ્રમુખ - પાર્થ ઠક્કર, ભરત ઠક્કર, મંત્રી - ચિંતન ઠક્કર, સહમંત્રી - પ્રિયંક ઠક્કર, કોષાધ્યક્ષ - જીગ્નેશ હાલાણી, સહ કોષાધ્યક્ષ - જીતેન્દ્ર ઠક્કર, સંગઠન મંત્રી - સચિન ઠક્કર જ્યારે કારોબારી સદસ્યો તરીકે રાજેશ ઠક્કર, જીગ્નેશ મજીઠીયા, જીતેન્દ્ર ખખ્ખર, કેયુર ખખ્ખર, અમીત હાલાણી, નિરજ ઠક્કર, ધ્રુવ ઠક્કર, રાહુલ કારીયા, પાર્થ દક્ષિણી, સંકેત પોપટ, પ્રિયંક જોબનપુત્રા, ધવલ દત્તાણી, લવ ઠક્કરની નિમણૂંક કરવામાં આવી છે. સંસ્થા દ્વારા વિરપુર પદયાત્રા, જન્માષ્ટમી મહોત્સવ, વીરદાદા જશરાજ શહિદ દિન ઉજવણી, ધૂળેટી પર્વની ઉજવણી સહિત અનેક કાર્યક્રમો પ્રતિવર્ષ યોજવામાં આવે છે. આ વર્ષે પણ આ કાર્યક્રમોની સાથે સાથે સબરંગ અને ખાસ કરીને યુવાનો માટે વિશિષ્ટ કાર્યક્રમો યોજવાનું પણ વિચારેલ છે.

મોડાસા બસસ્ટેન્ડ સામે લક્ષ્મી શોપીંગ સેન્ટરમાં શોર્ટસર્કીટ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના વડુમથક મોડાસા બસસ્ટેન્ડ સામે આવેલા અને મોબાઈલ બજાર તરીકે જાણીતા લક્ષ્મી શોપીંગ સેન્ટરમાં બપોરે ૧૨ વાગ્યાના સુમારે શોપીંગ સેન્ટરની બહાર દુકાનોમાં આપેલા વીજ કનેક્શનના લટકતા વાયરોના જુમખામાં અગમ્ય કારણોસર શોર્ટસર્કીટ થતા આગ ભભૂકી ઉઠતા શોપિંગમાં રહેલા દુકાનદારો અને ગ્રાહકોમાં ભારે અફડાતફડી મચી ગઈ હતી. શોપીંગ સેન્ટરમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. શોર્ટશર્કીટ થઈ વીજપૂરવઠો બંધ થઈ જતા દુકાનોમાં રહેલો લાખો રૂપિયાનો માલ અને વિજ ઉપકરણો બચી જવા પામ્યા હતા. યુજીવીસીએલ દ્વારા પ્રિમોન્સુન પ્લાનની કામગીની હવા નીકળી ગઈ હતી. શોર્ટશર્કીટને બે કલાકનો સમય વીતવા છતા વીજતંત્ર વીજપુરવઠો

પુર્વરત કરવામાં નિષ્ફળ રહેતા દુકાનદારો ગરમી અને અસ્હય બફારાથી તોબા પોકારી ઉઠ્યા હતા અને વીજંતત્રની બેદરકારી સામે ઉગ્ર રોષ ભભુકી ઉઠ્યો હતો.

આવતીકાલે જિલ્લાના પાંચ વર્ષ સુધીના બાળકોને સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવાશે

ગાંધીનગર જિલ્લાના આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાઓમાં વિના મૂલ્યે સુવર્ણપ્રાશનના ટીંપા તા. ૨૩મી જુલાઈ, ૨૦૧૭, બુધવારના રોજ સવારના ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન પીવડાવવામાં આવનાર છે. જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે, આયુર્વેદ શાસ્ત્રમાં બાળકોના સ્વાસ્થ્ય વધારવા માટે ઘણા ઉલ્લેખ છે. બાળકોનો જન્મ થાય ત્યાથી શું કરવું? કે જેથી તે હંમેશ માટે નિરોગી બની રહે તેનું વર્ણન આયુર્વેદના ગ્રંથોમાં છે. બાળકના ઉત્તમ સ્વાસ્થ્ય તથા તંદુરસ્ત માટે આયુર્વેદમાં બ્રાહ્મિ, શંખપુષ્પી જેવા દિવ્ય મેધ્યાવર્ધક ઔષધો છે. જે બાળકને પુષ્ય નક્ષત્રમાં ચટાડવાના હોય છે. પુષ્ય નક્ષત્ર બધા નક્ષત્રમાં સૌથી બળવાન છે. આ નક્ષત્રમાં કરેલ કોઈ પણ કાર્યની અસર તેના પછીના પુષ્ય નક્ષત્ર સુધી રહે છે. આથી સુવર્ણપ્રાશન પુષ્યક્ષત્રમાં કરવામાં આવે છે. તેથી તે ઉત્તમ ફળદાયી સાબિત થાય છે.

આ માટેની ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટર, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ઔષધ વિના મૂલ્યે વસુધૈવ કુટુમ્બકમ સંસ્થાએ ડાં. દવે સુવર્ણામૃત શીરપ નામથી પુરી પાડવામાં આવી છે. તા. ૨૩મી જુલાઈ, ૨૦૧૭ના રોજ ગાંધીનગર જિલ્લાના બાળકોને સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવવામાં આવનાર છે. આ સુવર્ણ પ્રાશનના ટીંપા ગાંધીનગર તાલુકાના પોર, જમીયતપુરા, સરઢવ, કુડાસણ, મગોડી, ટીટોડા, દોલારાણા વાસણા, ડભોડા, અમીયાપુરા, ચિલોડા, સેકટર-૭, સેકટર- ૨૯ અને સીવીલ આયુર્વેદ તથા હોમિયોપેથી ઓ.પી.ડી ખાતે પીવડાવવામાં આવશે. તે ઉપરાંત માણસા તાલુકાના માણસા શહેર, રિદ્રોલ, પરબતપુરા અને ચરાડા ખાતે, કલોલ તાલુકામાં ઈસંડ, રામનગર, અલુવા અને કલોલ તથા દહેગામ તાલુકામાં રખિયાલ, પીપળજ, ખાનપુર, કડજોદરા ગામના આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનામાં સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવવામાં આવશે, તેવું જિલ્લા આયુર્વેદ અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

મોડાસા નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા વિરોધ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવતા હવે વિવિધ સરકારી વિભાગના કર્મચારીઓએ પોતાની માંગ સંતોષવા માટે મોરચા માંડ્યા છે. રાજ્યની ૧૬૨ નગરપાલિકામાં ૭મા પગારપંચની માંગ તથા સફાઈ કામદારો સહિતના રોજમદારોને કાયમી કરવા મુદ્દે સરકાર દ્વારા કોઈ ઉકેલ ન આવતા વિવિધ જિલ્લાની પાલીકામાં દેખાવો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે આજે અરવલ્લી જિલ્લાના મોડાસા નગરપાલિકામાં કર્મચારી અને સફાઈ કામદારો દ્વારા વિરોધ નોંધાવામાં આવ્યો હતો. પાલિકાના કર્મચારીઓ દ્વારા સુત્રોચ્ચાર કરી સાથે એસ્મા કાયદાના પરીપત્રની હોળી કરી સરકાર સામે પોતાનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો અને સરકાર કર્મચારીઓનું શોષણ બંધ કરે તેવી માગં કરી હતી અને જો સરકાર આવનાર દિવસોમાં કર્મચારીઓના માંગણીઓ પુરી નહી કરે તો આનાથી પણ ઉગ્ર કાર્યક્રમો આપવામાં આવશે તેવુ જણાવ્યું હતું.

ખેડબ્રહ્મા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં કલ્ચરલ વર્કશોપ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨૦

અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત ડી.ડી. ઠાકર આર્ટસ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજ ખેડબ્રહ્મામાં તા. ૧૭-૭-૧૭ના રોજ યુજીસી (નવી દિલ્હી)ના સહયોગથી કલ્ચરલ વર્કશોપનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપનું ઉદ્ઘાટન નાટ્યતજજ્ઞ ડૉ. નવનીત ચૌહાણ વલ્લભવિદ્યાનગરથી પ્રદીપકુમાર અને રાકેશ પ્રજાપતિ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિવિશેષ તરીકે અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટના સલાહકાર સમિતિના સભ્ય કીર્તિકુમાર યુ. જોશી હાજર રહીને સૌને પ્રોત્સાહિત કર્યા હતા. કોલેજના પ્રિ. એન.ડી. પટેલે ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરીને વર્કશોપ માટે શુભેચ્છાઓ આપી હતી. આ સાંસ્કૃતિક તાલીમ શિબિરના કન્વીનર પ્રા. ડૉ. એ.આર. ચૌહાણે આ વર્કશોપની ભૂમિકા રજૂ કરી હતી. કોલેજના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને યોજાયેલ આ વર્કશોપ તા. ૧૭-૭-૧૭થી તા. ૧૭-૮-૧૭ સુધી નાટક, સમૂહનૃત્ય, સમૂહગીતની તાલીમ વિદ્યાર્થીઓને ગુજરાતના જાણીતા તજજ્ઞો દ્વારા આપવામાં આવશે.

સાયન્સ કોલેજ મોડાસાના પ્રધ્યાપકને નેશનલ બેસ્ટ સાયન્સ પ્રોફેસર એવોર્ડ

ભાભા નેશનલ રીસર્ચ એકેડેમી-રામન સાયન્સ એન્ડ ટેકનોલોજી ફાઉન્ડેશન દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો

મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ મોડાસાની સર પીટી સાયન્સ કોલેજના પ્રધ્યાપક ગીરીશ વેકરીયાને સામાજીક કાય લેખન સંશોધન, રાષ્ટ્રીય કક્ષાએ નોંધપાત્ર પ્રદાન બદલ ભાભા નેશનલ રીસર્ચ એકેડેમી રામન સાયન્સ એન્ડ ટેકનોલોજી ફાઉન્ડેશન દ્વારા નેશનલ બેસ્ટ સાયન્સ પ્રોફેસરથી નવાજવામાં આવ્યા.

મોડાસા કોલેજ કેમ્પસનું ગૌરવ વધારવા બદલ મંડળના પ્રમુખ નવીનચંદ્ર મોદી, ઉપપ્રમુખ મહેન્દ્ર શાહ, સુભાષ શાહ, મંત્રી સુરેન્દ્ર શાહ, સામાજીક કાર્યકર નીલેશ જોષી, ડૉ. વેટીયા, ડૉ. શૈલેષ દવે તેમજ સ્ટાફ પરીવાર દ્વારા પ્રધ્યાપક વેકરીયાને સ્ટાફ પરીવારે અભિનંદન પાઠવ્યા હતા.

પાલનપુરમાં ભાજપા સદસ્ય રાજપાઠમાં ઝડપાયા

એક બાજુ ભાજપ સરકાર દારૂબંધીની ગુલબાંગો પોકારી તેના કડક અમલ માટે કાયદાઓ ઘડી રહી છે. ત્યારે બીજી બાજુ ભાજપના જ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દારૂબંધીના કાયદાના લિરા ઉડાડી રાજાપાઠમાં ઝડપાતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પાલનપુર પશ્ચિમ પોલીસ ગતરાત્રે આર.ટી.ઑ સર્કલ પાસે વાહન ચેકિંગ કરી રહી હતી. દરમિયાન રાજસ્થાન તરફથી આવતી અર્ટિકા ગાડીને રોકી તેની તલાશી લેતા તેમાંથી ચાર શખ્સો નશામા ધુત મળ્યા હતા. જેમાં એક મહાશય તો રાજસ્થાન ભાજપના ચૂંટાયેલા પ્રતિનિધિ હોવાની ઓળખ આપતા ઝડપાઈ ગયા હતા. આ ચાર શખ્સો જે અર્ટિકા ગાડીમા હતા. તે ગાડી રાજસ્થાનના રિયાબડી (ગુઢાજોધા) તાલુકા પંચાયતના ભાજપના સદસ્યના સિમ્બોલ વાળી ગાડી હતી. જોકે, પોલીસે કોઈપણ શેહ શરમમાં આવ્યા વિના આ ચારે શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સંમેલન યોજાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાજર રહેવા બાપુએ જાતે પત્ર લખીને નિમંત્રણ આપેલ છે તે પણ ઉલ્લેખનીય છે. આજના આ સંમેલનમાં બાપુ કોઈ મહત્વની જાહેરાત કરશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલે છે કે બાપુ આજે વિધિવત રીતે કોંગ્રેસને બાય બાય કહી શકે છે. જો કે બાપુના નિકટવર્તી વર્તુળો એ વાતનો ઈન્કાર કરે છે. તેઓ કહે છે કે બાપુ કોંગ્રેસમાં જ છે આ તો તેમના જન્મદિનની ઉજવણીનો કાર્યક્રમ છે.

બાપુએ તેમના કેટલાક કાર્યકરોને આગામી દિવસોમાં આકરા સંઘર્ષ માટે તૈયાર રહેવાનો ખાનગી સંદેશ આપ્યો હોવાની વાતો પણ રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

બાપુના સંમેલન પર આજે સૌની મીટ મંડાયેલી છે. કેટલાક એવુ માની રહ્યા છે કે લોકોના નાડ પારખુ એવા બાપુ કોઈ સમિતિ કે સેનાની રચના કરી ગુજરાતના પ્રાણપ્રશ્નોની લડત માટે જંગ લડવાના સંકેતનો સંદેશ આજની સભામાં આપી શકે છે.

બાપુએ પત્રકારોને વારંવાર કહ્યુ છે કે તેઓ નિવૃત્ત થવાના નથી પણ પ્રવૃત્ત જરૂર રહેવાના છે. જો કે પાર્ટી છોડશે કે કેમ તેના પ્રશ્નોના ઉત્તર તેમણે સિફતાઈપૂર્વક અને મુત્સદ્દીગીરી દાખવી ટાળી દીધા છે.

બાપુનુ આજનું સંમેલન ગુજરાતમાં નવા રાજકીય ધ્રુવીકરણનો સંદેશ આપશે તેવા સંકેતો રાજકીય વર્તુળો આપી રહ્યા છે.

પુરની સ્થિતિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. મફત રસોડા શરૂ કરવામાં આવ્યા છે. અસરગ્રસ્ત લોકોને મદદ આપવામાં આવી રહી છે. પુરગ્રસ્ત વિસ્તારો સુધી પહોંચવાના પ્રયાસ થઇ ચુક્યા છે. ઓરિસ્સામાં છેલ્લા કેટલાક દિવસથી ભારે વરસાદ થઇ રહ્યો છે.રાયગઢમાં ચારપ રોડ બ્રિજ તણાઇ ગયા છે. રેલવે ટ્રેક પર પણ પાણી ફર્યા છે. ફાયર સર્વિસ અને સીઆરપીએફની પણ મદદ લેવામાં આવી છે. રાયગઢ જિલ્લામાં નાગાબાલી અને કલ્યાણી નદીમાં પુરની સ્થિતીના કારણે ૭૦૦૦ લોકોને અસર થઇ છે. એકબાજુ ઓરિસ્સામાં પુરની સ્થિતી વણસી છે ત્યારે બીજી બાજુ આસામમાં પુરની સ્થિતીમાં નોંધપાત્ર સુધારો થતા તંત્રને મોટી રાહત થઇ છે.

જળબંબાકાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જામની પરિસ્થિતિ જોવા મળી રહી હતી.શહેરના પશ્ચિમ વિસ્તાર હોય કે પૂર્વના વિસ્તારો તમામ વિસ્તારોમાં મુખ્ય રસ્તા હોય કે સોસાયટીઓ પાણીમાં ગરકાવ જોવા મળી રહ્યા હતા.આંબાવાડી વિસ્તારમાં પંચવટી ચાર રસ્તા,લો-ગાર્ડન જેવા વિસ્તારોમાં પણ એકથી દોઢ ફુટ જેટલા પાણી ભરાઈ જવા પામતા પંચવટી વિસ્તારમાં પાર્ક કરેલી લોકોની ગાડીઓમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા.૪.૩૦ કલાકે શહેરના તમામ વિસ્તારોમાં શરૂ થયેલા અનરાધાર વરસાદને પગલે માત્ર એક કલાકના ગાળામાં બે ઈંચ જેટલો વરસાદ ખાબકતા મ્યુનિસિપલ તંત્ર દ્વારા જારી કરવામાં આવેલા પ્રિ-મોન્સુન એક્શન પ્લાનના લીરે લીરા ઉડી જવા પામ્યા છે.

તન દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

શરીરના હઠીલા દર્દો તેમજ કેન્સર ઉપર પણ યોગની અસર છે. અને મને પૂરી શ્રદ્ધા છે કે કેન્સર પણ યોગ મટાડવામાં સક્ષમ છે. પણ શરત એટલી કે તમારે યોગની જે કંઈ શરતો હોય તેનું પાલન કરવું પડે. સામાન્ય રીતે યોગની બહુ શરતો નથી હોતી. (૧) ખાવા પીવામાં કાળજી રાખવી. ખાસ કરીને શરીરમાં જેનું પાચન વધારે ઝડપી થાય એવો જ ખોરાક ખાવો જોઈએ. એટલે કે તેલ, ઘી, મરચું, ખટાશ આવી બધી વસ્તુઓથી બને તેટલા દૂર રહેવું જોઈએ. મન શાંત રાખવું જોઈએ. મન ઉપર તમારો કંટ્રોલ હોવો જોઈએ. જેથી કરીને મોટા ભાગના તમારા શરીરના પ્રશ્નો દૂર કરી શકાય છે. અને ત્રીજું અગત્યનું કારણ છે કે રેગ્યુલર યોગ - પ્રાણાયામ કરવા જોઈએ. સામાન્ય રીતે પ્રશ્ન એ થાય કે સૂરી સાહેબ આટલી બધી મોટી મોટી વાતો તો કરે છે પણ કરાવે છે શું ? ક્યા ક્યા યોગ - પ્રાણાયામ તેઓ કરાવે છે જેના હિસાબે ડૉક્ટરો થાકી ગયા છે તેવા હઠીલા દર્દોમાં ચપટી વગાડતા જ મટી જાય એવી ગેરંટી સૂરી સાહેબ આપે છે. સૂરી સાહેબ કહે છે કે ભાઈ કરવું પડે, કરશો તો મળશે. વાતો કરે કંઈ મળશે નહીં, રેગ્યુલર મારી પાસે આવો તમારા દર્દો હું મારા બનાવી દઈશ. ખાસ કરીને કપાલભારતી, અનુલોપ-વિલોપ, અર્ધમત્સ્યેન્દ્રાસન, નૌકાસન, પવન મુક્તાસન, સર્વાંગાસન, બાકુ, પશ્ચિમોતાતાસન, ભુજંગાસન આટલા આસન - પ્રાણાયામ જરૂરી છે. પણ ભાઈ સૂરી સાહેબને કહો કે ક્યા દર્દમાં - ક્યા આસનથી સારું થાય એ તો કહે ? અને શા માટે? આમાંથી તો ભાઈ તમારે સૂરી સાહેબ પાસે જવું પડે અને તેમને મળવું પડે. આનો યોગ્ય જવાબ સૂરી સાહેબ જ આપી શકે. આવતા અઠવાડીયે ક્યા રોગમાં - ક્યા આસન કરવા જોઈએ તેના વિષે થોડી સૂરી સાહેબ પાસેથી માહિતી લઈશું. સૂરી સાહેબનો મોબાઈલ નંબર : ૦૯૪૨૭૪૯૦૭૯૧ છે. જરૂર હોય તો ફોન કરશો. અનુકૂળતા પ્રમાણે આપને મદદ કરશે.

યોજના અટવાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચાંદખેડામાં જી ટી યુ કેમ્પસ ખાતે પી જી સ્કુલ તેમજ ગ્લોબલ કલાસ રૂમ મોટ નવા બે બિલ્ડીંગો બાંધવાની કાર્યયોજના મંજુર કરવામાં આવી છે. જી ટી યુની દરખાસ્ત અન્વયે ટુંકમાં જ આ કામગીરી હાથ ધરવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી હતી. જેના અંતે કામગીરીને અનુલક્ષી વર્ક ઓડર આપી દેવાયો હતો. પરંતુ હજુ સુધી આ પ્રોજેકટ અન્વયે કામ શરૂ થઈ શકયુ નથી. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૬૦ કરોડનો ખર્ચ થાય તેમ છે. જયારે બીજીતરફ ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીને લેકાવાડામાં જમીન ફાળવવામાં આવતા જી ટી યુ કક્ષાએથી નવી જગ્યાએ આ બિલ્ડીંગ બાંધવા માટે ગતિવિધિ હાથ ધરાઈ છે. પરંતુ લેકાવાડામાં સ્થાનિકો દ્વારા આ મામલે વિરોધ થતા સમગ્ર કાર્યયોજનાનુ કામ અટવાઈ પડયુ છે.

બસ ખીણમાં...● અનુસંધાન પહેલાનું ચાલુ

આ બસ સોલાંગ તરફ થઈ રહી હતી ત્યારે માર્ગથી ખસી જઈને આ બસ ખીણમાં ખાબકી હતી. આજે સવારે શિમલા જિલ્લામાં રામપુર નજીક આ બનાવ બન્યો હતો. સુત્રોના કહેવા મુજબ ખાનગી બસમાં ૪૦થી વધુ યાત્રીઓ હતા. મોતનો આંકડો હજુ પણ વધી શકે છે. કેટલાક લોકોના મોત ઘટના સ્થળે જ થઈ ગયા હતા. મુખ્યમંત્રીએ બનાવ અંગે દુખ વ્યક્ત કર્યું છે. ડ્રાઈવરે કાબૂ ગુમાવતા દર્ઘટના સર્જાઈ હતી. ઘાયલ થયેલાઓને ૧૦૮ મારફતે હોસ્પિટલમાં ખસેડાયા હતા. તાજેતરના સમયમાં સૌથી મોટા અકસ્માત તરીકે આને ગણવામાં આવે છે. ૧૬મી જુલાઈના દિવસે જ અમરનાથ શ્રદ્ધાળુઓની બસને અકસ્માત નડ્યો હતો. જમ્મુ કાશ્મીરમાં અમરનાથની એક બસ દુર્ઘટનાનો શિકાર થઈ હતી. આ બનાવ જમ્મુના રામબાણ જિલ્લામાં બનીહાલ નજીક જમ્મુ-શ્રીનગર હાઈવે ઉપર બન્યો હતો.

ગાબડું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરમાં ગટરો ઉભરાવાની સમસ્યાથી નાગરિકો ત્રસ્ત બન્યા છે. નગરમાં દાયકાઓ જુની ગટર લાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે વરસાદી દિવસો દરમિયાન ગટરો ઉભરાવાની સમસ્યા વધુ પેચીદી બની છે. આજે પણ ખ અને ગ માર્ગ વચ્ચે ગટરલાઈનના મેઈન હોલ તુટી જતા આ વિસ્તારમાં ગટરના દુષિત પાણીનો ભરાવો થાય છે. ગ માર્ગથી સરગાસણ તરફ જતી લાઈનના મેઈન હોલમાં ભંગાણ થતા ગટર લાઈનને લગતી ગંભીર સમસ્યા ઉભી થઈ છે. જેના લીધે સે-૧૩, ૧૪ અને સે-૨૪ થી ૨૭ સહીત સે-૨૮ જી આઈ ડી સી વિસ્તારમાં પણ ગટરો ઉભરાવાની સમસ્યાએ અજગર ભરડો લીધો છે. એકબાજુ ગટર લાઈનની આ સમસ્યાને લીધે સ્થાનિક રહીશો પરેશાન છે. ત્યારે તંત્ર પણ મુંઝવણમા મુકાયુ છે. કોન્ટ્રાકટરોની હડતાલના લીધે તંત્રને મેન પાવર પણ ઉપલબ્ધ નથી . જયારે વરસાદી દિવસોમાં કામ કરવાનુ વધુ મુશ્કેલ બન્યુ છે. જંગલ વિસ્તારમાં સ્થિત મેઈન હોલ વર્ષો જુના છે. જયારે તંત્ર કક્ષાએથી આ વિસ્તારમાં કોઈ મોનિટરીંગ પણ કરવામાં આવતુ ન હોવાથી વરસાદી દિવસોમાં પોલાણ થવાના લીધે મેઈન હોલ તુટયા હોવાનુ પણ મનાઈ રહયુ છે. આવા સંજોગોમાં પ્રાથમિક તબક્કાની કામગીરી હાથ ધરી હાલ પુરતી સમસ્યાને નિપટાવાના પ્રયાસો પણ તંત્ર દ્વારા શરૂ કરી દેવાયા છે. જયારે આ સમસ્યાને ડામવા માટે આગામી દિવસોમાં નવી લાઈન તેમજ મેઈન હોલનુ કામ હાથ ધરવા માટે પણ આયોજન કરવાની અનિવાર્યતા ઉભી થશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

કોન્ટ્રાક્ટરોના ધરણા..● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગાઉ રજુઆત કરવામાં આવી હતી જયારે આ મામલે સરકાર દ્વારા હૈયાધારણા આપી પ્રશ્નોના નિરાકરણ માટે હકારાત્મક અભિગમ દાખવવામાં આવ્યો હતો. પરંતુ હજુ સુધી આ મામલે કોઈ પરિણામ મળ્યુ ન હોવાથી એસોસિએશને આ મામલે ઉગ્ર લડત આપવાની નિતી અપનાવી છે. જાહેર બાંધકામના હાલ કરોડો રૂપિયાના કામો બંધ છે. ગુજરાત કોન્ટ્રાકટર એસોસિએશનના ચેરમેન અરવિંદ પટેલેના જણાંવ્યા મુજબ સરકારી કોન્ટ્રાકટરોની આ હડતાલમાં ૫ હજારથી વધુ કોન્ટ્રાકટરો જાડાયા છે. જેના લીધે ૧ લાખથી વધુ મજુરો પણ બેરોજગાર થયા છે. જયારે પાણી સિંચાઈ રસ્તા તેમજ બિલ્ડીંગ સહીતના વિવિધ કામો પણ ખોરંભે પડયા છે. ગત તા ૧૫ જુલાઈથી સરકારી કામકાજો બંધ કરી દેવાયા છે. જયારે પડતર પ્રશ્નોના નિરાકરણ માટે આજે ગુજરાતના તમામ જિલ્લા મથકે ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવશે. ગાંધીનગર ખાતે ધરણાંનો કાર્યક્રમ પણ યોજવામાં આવશે. જેમાં ગાંધીનગરના કોન્ટ્રાકટરો ધરણામાં જોડાશે. જયારે આગામી તા ૨૪ જુલાઈના રોજ કર્ણાવતી કલબ થલતેજથી મહારેલીનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે.

રામનાથ કોવિંદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રામનાથ કોવિંદને ૭૦૨૪૪ની કિંમતના ૨૯૩૦ મત મળ્યા હતા જ્યારે મીરાકુમારને ૩૬૭૩૧૪ની કિંમતના ૧૮૪૪ મત મળ્યા હતા. ૭૭ મત અમાન્ય જાહેર થયા હતા. રાષ્ટ્રપતિની ચૂંટણી માટના રિટર્નિંગ ઓફિસર દ્વારા આ મુજબની જાહેરાત કરાઈ હતી. ૧૭મી જુલાઈના દિવસે મતદાન યોજાયું હતું. મતગણતરીની શરૂઆત થયા બાદ શરૂઆતથી જ રામનાથ કોવિંદે મીરાકુમાર ઉપર લીડ મેળવી લીધી હતી. પ્રથમ રાઉન્ડમાં કોવિંદને ૬૦૬૮૩ વોટ વેલ્યું મળ્યા હતા જ્યારે મીરાકુમારના ખાતામાં ૨૨૯૪૧ વોટ વેલ્યુ ગયા હતા. પ્રથમ રાઉન્ડના આંકડા મુજબ એનડીએ ઉમેદવાર કોવિંદને ૫૫૨ સાંસદોએ મત આપ્યા હતા જ્યારે મીરાકુમારની તરફેણમાં ૨૨૫ સાંસદોએ મત આપ્યા હતા.